॥ જય શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# નિમંત્રણ પત્રિકા

# શ્રી સ્વામિનારાયણ મંદિર, એડિલેડ-ઓસ્ટ્રેલીયા

## શ્રી નરનારાયણદેવ ભુજ તાબાનું

Shree Swaminarayan Temple, Adelaide-Australia



॥ શ્રી સ્વામિનારાયણ વિજયતેતરામ્ ॥

5th PATOTSAV

## મંગલમૂર્તિ
## શ્રી ઘનશ્યામ પંચામૃત મહોત્સવ
એવમ્
## મંગલકારી સંત સ્મૃતિ મહોત્સવ

**૧૧ થી ૧૭ ફેબ્રુઆરી-૨૦૧૯**

આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, એડેલાઇડ–ઓસ્ટ્રેલીયા

॥ જય શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# મંગલમૂર્તિ શ્રી ઘનશ્યામ પંચામૃત મહોત્સવ

એવમ્

## અ.નિ. જ્યોતિષજ્ઞ સદ્.પુરાણી સ્વામી કેશવપ્રસાદ દાસજી

# મંગલકારી સંત સ્મૃતિ મહોત્સવ

પ્રસંગે

# ॥ શ્રી હરિસ્મૃતિ સપ્તાહ પારાયણ ॥










:: Invitation ::

Shree Swaminarayan Temple, Adelaide
56-68 Clayson Road, Salisbury East,
South Australia 5109.



અ.નિ. મહંત સદ્. શાસ્ત્રી
સ્વામી ધર્મજીવનદાસજી



અ.નિ. મહંત સદ્. પુરાણી
સ્વામી હરિસ્વરૂપદાસજી



અનિ.સદ્.
સ્વામી નંદકિશોરદાસજી



અ.નિ.સદ્.
સ્વામી દેવચરણદાસજી

મંગલ મૂર્તિ શ્રીઘનશ્યામજી, શરણાગતના સદા સુખધામજી । પતિતપાવન પૂરણકામજી, અધમ ઉદ્ધારણ નિર્ભય નામજી ॥

સ્વસ્તિ શ્રી ગામ............................ મધ્યે શુભ સ્થાને ઉત્મોત્તમ પરમ પવિત્ર પ્રગટ પુરૂષોત્તમ અક્ષરાધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પરમ ઉપાસક, સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ સુસંકૃત શુભગુણે સંપન્ન એવમ્ આચાર્ય, સંત અને સત્સંગના અનુગામી, સેવા પરાયણ, શ્રીજી મહારાજના લાડીલા પરમ ભક્ત શ્રી ..................................................................................

તીર્થધામ ભુજ નિવાસી શ્રી નરનારાયણદેવની અસીમ કૃપા તથા સૌને શુભ આશિષ આપનાર ભુજ મંદિરના મહંત સદ્. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સદ્. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સદ્. કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત, સદ્. સ્વામી સનાતનદાસજી, સદ્. સ્વામી પ્રભુચરણદાસજી, સદ્. સ્વામી નિરન્નમુક્તદાસજી, સદ્. પુરાણી સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સદ્. પુરાણી સ્વામી મુકુન્દપ્રસાદદાસજી, સદ્. સ્વામી જગતપાવનદાસજી, સદ્. સ્વામી મુકુન્દજીવનદાસજી, સદ્ પુરાણી સ્વામી નિષ્કામચરણદાસજી, સદ્.પુરાણી સ્વામી સ્વયંપ્રકાશ દાસજી સદ્. સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્.પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્. પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, સદ્.પુરાણી સ્વામી કેશવજીવનદાસજી, સદ્.પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્.પુરાણી સ્વામી માધવપ્રસાદદાસજી, સદ્.સ્વામી ભગવત્જીવનદાસજી, સદ્.સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્. શાસ્ત્રી સ્વામી સુર્યપ્રકાશદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી, કોઠારી પુરાણી સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી આદિ સમસ્ત સંતમંડળના રૂડા આશિર્વાદ તથા અ.નિ. મહંત સદ્. શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી, અ.નિ. મહંત સદ્.પુરાણી હરિસ્વરૂપદાસજી અનિ.સદ્.સ્વામી નંદકિશોરદાસજી, અ.નિ.જ્યોતિષજ્ઞ સદ્.પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજીની પ્રસન્નતાર્થે.

અત્રે ઓસ્ટ્રેલીયા એડેલાઇડ મંગલ મૂરતી શ્રી ઘનશ્યામમહારાજ, શ્રીનરનારયણદેવ, રાધાકૃષ્ણદેવના ચરણ કમલ સાનિધ્યથી લી. મહંત સદ્.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી પધારેલા ભુજ મંદિરના અ.નિ.જ્યોતિષજ્ઞ સદ્. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી ના મંડળના સંતો મંડળધારી સદ્.પુરાણી સ્વામી કેશવજીવનદાસજી. પુરાણી સ્વામી પરમેશ્વરસ્વરૂદાસજી, પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી, પુરાણી સ્વામી વ્યાસસ્વરૂપદાસજી તથા એડેલાઈડ શ્રી સ્વામિનારાયણ મંદિરના ટ્રસ્ટી મંડળ, કાર્યવાહિ કમિટિ, શ્રી સ્વામિનારાયણ યુવક/યુવતી મંડળ, શ્રી ઘનશ્યામ બાલમંડળ તથા સમસ્ત હરિભક્તોના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ વાંચશોજી.



સદ્. સ્વામી
સનાતનદાસજી



સદ્. સ્વામી
પ્રેમપ્રકાશદાસજી



સદ્ પુરાણી
સ્વામી નિષ્કામચરણદાસજી



સદ્. કોઠારી પાર્ષદવર્ય
જાદવજી ભગત

વિશેષમાં જણાવાનું કે ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી, આચાર્ય મહારાજ તથા વડિલ સંતોના આશિર્વાદથી તથા હરિભક્તોના પુરૂષાર્થથી આપણો સત્સંગ દિન પ્રતિદિન વૃદ્ધિને પામતો ગયો ને દેશ વિદેશમાં સંતો, હરિભક્તોના અથાગ પ્રયત્નથી જરૂરાત પ્રમાણે મંદિરોના નિર્માણ થતા ગયા. એ ન્યાય, ઓસ્ટ્રેલીયા એડેલાઇડમાં વિદ્યા અભ્યાસ તથા વ્યવસાય માટે આવેલા યુવાન હરિભક્તો નો સત્સંગ યથાવત્ જળવાયી રહે એ માટે ભુજ શ્રી નરનારાયણદેવ તાબાનું, મહંત સ્વામી આદિ સંતોના સહયોગથી મંદિરનું નિર્માણ થયું.

એ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અ.નિ.જ્યોતિષજ્ઞ સદ્. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી ના માર્ગદર્શન હેઠળ અને મહંત સદ્.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની અધ્યક્ષતામાં તથા પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજ, શ્રી નરનરાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ આદિ દેવોની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી, એમને પાંચ વર્ષ પુરા થાય છે.

એ ૫ માં વાર્ષિક પાટોત્સવ નિમિત્તે સૌના મનને આકર્ષિત્ તથા સૌનું મંગલ કરનારા, ભક્તોના મનોરથ પૂર્ણ કરી મૂર્તિનું દિવ્ય સુખ આપી રહ્યા છે. એવા બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજ નો મંગલ મૂર્તિ શ્રી ઘનશ્યામ પંચામૃત મહોત્સવ  તથા કચ્છ ભુજ શ્રી નરનારાયણદેવને સમર્પિત, સંતજીવનના પર્યાયરૂપ ઉચ્ચ કોટીના દિગવંત સંતોની હારમાળાના સુગંધીમાન પુષ્પો પૈકીના એક આદર્શજીવનના ઉત્તમ ઉદાહરણ એવા અ.નિ. જ્યોતિષજ્ઞ સદ્. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી, જેઓ પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજીમહારાજના વરદ હસ્તે ભાગવતી મહાદિક્ષા ગ્રહણ કરી અ.નિ.સદ્.સ્વામી દેવચરણદાસજીના શિષ્યત્વને સ્વીકારી, પોતાનું જીવન સત્સંગની સેવાકાર્યમાં દીપાવ્યું. પૂજ્ય સ્વામી વિદ્વતા અને દેવનિષ્ઠાના કારણે અ.નિ.મહંત સદ્.શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી તથા અ.નિ.સદ્. સ્વામી નંદકિશોરદાસજીના કૃપા પાત્ર રહ્યા હતા. સર્વદેશીય એવા જ્યોતિષ શાસ્ત્રના જ્ઞાતા પૂજ્ય સ્વામી દ્વારા રચિત નિર્ણય (ટિપણી)નો શ્રીજીમહારાજ પ્રસ્થાપિત અમદાવાદ અને વડતાલ બન્ને દેશોએ લાભ લીધો. પૂજ્ય સ્વામી શાસ્ત્રોના જ્ઞાતા એવમ્ સર્વાંગી હતા. સંતો જે લાકડાનાં પાત્રમાં જમે તે પાત્રને લાકડામાંથી બનાવવાની સૌપ્રથમ સરુઆત સ્વામીએ કરી હતી. ભુજ મંદિરના છેલ્લા લહિયા કહી શકાય એવા સ્વામીએ સદ્.કૃષ્ણાનંદસ્વામી રચિત શ્રીહરિચરિત્રામૃત દિવ્ય શાસ્ત્રને જુની લેખનશૈલી કલમ દ્વારા સ્વહસ્તે લખ્યું હતું અને આજ સુધી સૌથી લાંબો સમય (૫૩) ત્રેપન વર્ષ પર્યંત મંડળને સંગઠીત રાખનાર પૂજ્ય સ્વામી માત્ર ૩૩ વર્ષની વયે મંડળધારી બન્યા હતા. ભુજ

## :: મંડળધારી સંતો ::



સ.ગુ. સ્વામી
નિરન્નમુક્તદાસજી



સ.ગુ. સ્વામી
દેવકૃષ્ણદાસજી



સ.ગુ. સ્વામી
બાલકૃષ્ણદાસજી



સ.ગુ. સ્વામી
લક્ષ્મીપ્રસાદદાસજી



સ.ગુ. સ્વામી
કેશવજીવનદાસજી



સ.ગુ. સ્વામી
ભગવતજીવનદાસજી



સ.ગુ. સ્વામી
દેવપ્રકાશદાસજી

મંદિરના ટ્રસ્ટી પદે રહેનાર સ્વામી ને કર્મકાંડ, પ્રતિષ્ઠાવિધિ, મહાપૂજા તેમજ સત્સંગનું અનેક સાહિત્ય કંઠસ્થ હતું. એટલા માટે દેશ વિદેશમાં નવ નિર્માણ મંદિરોના શિલાન્યાસ (ખાતમુહુર્ત)થી માંડીને મૂર્તિપ્રતિષ્ઠા જેવા શુભકાર્યો કરવામાં જ પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. અમારા એડેલાઈડ શ્રી સ્વામિનારાયણ મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા કરી, ખુબ જ રૂડા આશિર્વાદ આપી સુખીયા કર્યા, એ ઋણથી મુક્ત થવા માટે અ.નિ.જ્યોતિષજ્ઞ સદ્. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજીનો સ્મૃતિ મહોત્સવ, સંવત્ ૨૦૭૫ મહા સુદ-૬ તા.૧૧-૨-૨૦૧૯ સોમવાર થી સંવત્ ૨૦૭૫ મહા સુદ – ૧૨ તા.૧૭-૨-૨૦૧૯ રવિવાર સુધી **મંગલ મૂર્તિ શ્રી ઘનશ્યામ પંચામૃત મહોત્સવ એવમ્ મંગલકારી સંત સ્મૃતિ મહોત્સવ** ખુબજ ધામધૂમથી ઉજવવો આવી સર્વે ભક્તોના મનમાં ભાવના થઇને ઉત્સવનું ભવ્ય આયોજન કર્યું છે. તો આ પ્રસંગે વૈરાગ્ય મુર્તિ સદ્.નિષ્કુળાનંદ સ્વામી રચિત **શ્રીહરિસ્મૃતિ સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ** રાખેલ છે. જેના વક્તા પદે ભુજ મંદિરના સંતો પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી તથા પુરાણી સ્વામી વ્યાસસ્વરૂપદાસજી વ્યાસાસને બિરાજી સુમધુર સંગીતના સથવારે કથા અંતર્ગત વિવિધ ઉત્સવો સાથે કથામૃતનું રસપાન કરાવશે. આ પ્રસંગે મંડળના મંડળધારી સદ્.પુરાણી સ્વામી કેશવજીવનદાસજી રૂડા આશિર્વાદ પાઠવશે. તેમજ પુરાણી સ્વામી પરમેશ્વરસ્વરૂપ દાસજી સભાનું સંચાલન કરશે.

આ સુમંગલ અવસરે ભક્તિનું ભાથું બાંધવા પરિવાર તેમજ મિત્ર મંડળ સહ અવશ્ય પધારી આ પ્રસંગે શોભામાં અભિવૃદ્ધિ કરશોજી,કલ્યાણકારી આ દુર્લભ પ્રસંગે આપને સહર્ષ નિમંત્રણ પાઠવતા અમો અત્યંત આનંદની લાગણી અનુભવી છીએ.

લી. ભુજ મંદિરના મહંત સદ્. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા-આશિર્વાદથી એડેલાઇડ શ્રી સ્વામિનારાયણ મંદિરના ટ્રસ્ટી મંડળ, કાર્યવાહિ કમિટિ, શ્રી સ્વામિનારાયણ યુવક/યુવતી મંડળ, શ્રી ઘનશ્યામ બાલમંડળ, સમસ્ત હરિભક્તો તથા યજમાન પરિવારના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ વાંચશોજી.

આ મંગલ મૂર્તિ શ્રી ઘનશ્યામ પંચામૃત મહોત્સવ એવમ્ મંગલકારી સંત સ્મૃતિ મહોત્સવ માં સીડની, પર્થ, મેલબ્રન તથા ઓસ્ટ્રેલીયામાં વસ્તા સમસ્ત ભક્તોને સાતે દિવસ ખાસ પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

# મહોત્સવના યશસ્વી યજમાનો

## પારાયણના મુખ્ય યજમાન

પ્રેમજીભાઇ કરસન ભૂડીયા સહ પરિવાર

## શ્રી નરનારાયણદેવની ધજાના યજમાન

મુકેશભાઇ કરસન જેસાણી સહ પરિવાર

## શ્રી રાધાકૃષ્ણદેવની ધજાના યજમાન

હરીશભાઇ પાંચાણી સહ પરિવાર

## શ્રી લક્ષ્મીનારાયણદેવની ધજાના યજમાન

રાકેશભાઇ પટેલ સહ પરિવાર

## શ્રી રામ પરિવારની ધજાના યજમાન

ભાવેશભાઇ લોરીયા સહ પરિવાર

## શ્રી સુર્યનારાયણદેવની ધજાના યજમાન

કિશોરભાઇ હાલાઇ સહ પરિવાર

## શ્રી શીવ પરિવારની ધજાના યજમાન

જયદીપસિંહ પરમાર સહ પરિવાર

## શ્રી ગણેશજીની ધજાના યજમાન

ભાવીનભાઇ મહેતા સહ પરિવાર

## શ્રી હનુમાનજીની ધજાના યજમાન

સંજયભાઇ પટેલ સહ પરિવાર



વક્તાશ્રી
પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી



વક્તાશ્રી
પુ. સ્વામી વ્યાસસ્વરૂપદાસજી



સભાસંચાલક
પુ. સ્વામી પરમેશ્વરસ્વરૂદાસજી

# ઉત્સવના અણમોલ અવસરો...

## તા.૧૦-૨-૨૦૧૯ રવિવાર

| | |
|---|---|
| પોથીયાત્રા/દીપપ્રાગટ્ય /સ્વાગત નૃત્ય | : સાંજે ૫:૩૦ કલાકે |
| આરતી, નિત્યનિયમ | : સાંજે ૬ થી ૬:૩૦ |
| કથા | : સાંજે ૬:૩૦ થી ૬: ૪૫ |
| શિક્ષાપત્રી પૂજન | : સાંજે ૬: ૪૫ થી ૭:૩૦ |

## તા.૧૧-૨-૨૦૧૯ સોમવાર

| | |
|---|---|
| સ્થાપન પૂજન | : સવારે ૭:૦૦ કલાકે |
| આરતી, નિત્યનિયમ | : સાંજે ૬:૩૦ થી ૭:૦૦ |
| કથા | : સાંજે ૭:૦૦ થી ૮:૩૦ |
| શ્રી ઘનશ્યામ પ્રાગટ્યોત્સવ | : |
| મહાપ્રસાદ | : સાંજે ૮:૩૦ |

## તા.૧૨-૨-૨૦૧૯ મંગળવાર

| | |
|---|---|
| આરતી, નિત્યનિયમ | : સાંજે ૬:૩૦ થી ૭:૦૦ |
| કથા | : સાંજે ૭:૦૦ થી ૮:૩૦ |
| સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્‌ઘોષ મહોત્સવ | : |
| મહાપ્રસાદ | : સાંજે ૮:૩૦ |

## તા.૧૩-૨-૨૦૧૯ બુધવાર

| | |
|---|---|
| આરતી, નિત્યનિયમ | : સાંજે ૬:૩૦ થી ૭:૦૦ |
| કથા | : સાંજે ૭:૦૦ થી ૮:૩૦ |
| ભુજ આગમન ઉત્સવ | : |
| મહાપ્રસાદ | : સાંજે ૮:૩૦ |

## તા.૧૪-૨-૨૦૧૯ ગુરૂવાર

| | |
|---|---|
| આરતી, નિત્યનિયમ | : સાંજે ૬:૩૦ થી ૭:૦૦ |
| કથા | : સવારે ૭:૦૦ થી ૮:૩૦ |
| શાકોત્સવ | |
| મહાપ્રસાદ | : સાંજે ૮:૩૦ |

## તા.૧૫-૨-૨૦૧૯ શુક્રવાર

| | |
|---|---|
| આરતી, નિત્યનિયમ | : સાંજે ૬ થી ૬:૩૦ |
| કથા | : સાંજે ૬:૩૦ થી ૮ |
| ફુલડોલ ઉત્સવ / યુવાનોનો સાંસ્કૃતિક કાર્યક્રમ / ગુજરાતી કલાસની પરિક્ષા આભાર | : સાંજે ૮:૦૦ થી ૯:૦૦ |
| મહાપ્રસાદ | : સાંજે ૯:૦૦ |

## તા.૧૬-૨-૨૦૧૯ શનિવાર

| | |
|---|---|
| આરતી | : સવારે ૮:૦૦ |
| કથા | : સવારે ૮:૧૫ થી ૯:૧૫ |
| આરતી, નિત્યનિયમ | : સાંજે ૬:૦૦ થી ૬:૩૦ |
| કથા | : સાંજે ૬:૩૦ થી ૮:૦૦ |
| યુવતીનો સાંસ્કૃતિક કાર્યક્રમ | : સાંજે ૮:૦૦ થી ૯:૦૦ |
| મહાપ્રસાદ | : સાજે ૯:૦૦ |

## તા.૧૭-૨-૨૦૧૯ રવિવાર

| | |
|---|---|
| અભિષેક/આરતી | : સવારે ૭.૦૦ થી ૮:૦૦ |
| ધજા રોપણ | : ૯:૩૦ |
| અન્નકુટ દર્શન | : ૯:૪૫ |
| કથા પૂર્ણાહૂતિ | : સવારે ૧૦: ૦૦ |
| આરતી, નિત્યનિયમ | : સાંજે ૬:૦૦ થી ૬:૩૦ |
| રાસોત્સવ | : સાંજે ૭:૦૦ થી ૮:૦૦ |
| મહાપ્રસાદ | : સાંજે ૮:૦૦ |

:: Invitation ::

Shree Swaminarayan Temple, Adelaide
56-68 Clayson Road, Salisbury East, South Australia 5109. Tel : +61882833886
E-mail : info@swaminarayanadelaide.org • www.swaminarayanadelaide.org
www.facebook.com/adelaide.temple